सत्यमेव जयते

# જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, પલસાણા.
# જે.જે. આહુજા સમક્ષ

ક્રિમિનલ પરચુરણ અરજી (જે) ક્રમાંક:–૧૨૭/૨૦૨૬
જામીન અરજી તળે હુકમ:–

અરજદાર:– **પિન્કેશ રમેશભાઈ પટેલ**
ઉ.વ.૨૮, રહે.સડક ફળિયું, કલસર ગામ, તા.પારડી,
જી.વલસાડ

વિરૂધ્ધ:–

સામાવાળા:– સરકાર( ગુજરાત રાજય)

વિષય: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૦ હેઠળ જામીન અરજી

---

ગુ ર નં:–**સી.૧૧૨૧૪૦૪૬૨૬૦૫૨૭/૨૦૨૬**
પોલીસ સ્ટેશન:– પલસાણા.

---

અરજદાર તર્ફે:– વિ વ શ્રી ડી.ડી.ભરવાડ
સામાવાળા તર્ફે:– વિ એ પી પી શ્રી બી.એન.પંડયા

**–:હુકમ:–**

**(૧)** જામીન અરજી, એફ.આઈ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લીધા. હાલના કામે આરોપી વિરુદ્ધ ઉપર દર્શાવેલ ગુના રજીસ્ટર નંબરથી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫ઈ,૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૨)** આ કામે વિદ્વાન એ પી પી શ્રીનો શેરો વંચાણે લીધો. જેમાં તેઓએ જણાવેલ છે કે ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇ ધ્યાને લેતા હાલના આરોપીને જામીનમુકત કરવા સામે સરકાર પક્ષે વાંધો છે.

(૩) અરજદાર/આરોપીપક્ષે આરોપી નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં રજૂઆત છે કે, આરોપી તપાસ તેમજ ઈન્સાફી કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપશે. તેમજ આરોપીને વધુ સમય જેલમાં રાખવાથી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબનો કોઈ ફળદાયી હેતુ સરતો ના હોવાની રજૂઆત છે. આ ઉપરાંત તપાસ તેમજ ઈન્સાફી કાર્યવાહીમાં વધુ સમય લાગે તેમ હોય જામીનમુકત કરવા રજૂઆત કરેલ છે.

(૪) સદર કામે રજૂ એફ.આઈ.આર. વંચાણે લેતા, આ કામે વિદેશી દારૂની બોટલો નંગ-૮૬૪ કિં.રૂ.૨,૬૩,૬૦૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. જો આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો ફરીથી આવા ગુનાઓ કરવાની શક્યતાને નકારી શકાય નહીં. આમ, આરોપીએ કરેલ ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા હાલની અરજી મંજૂર કરવા પાત્ર જણાતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:આખરી હુકમ:-**

(૧) હાલની જામીન અરજી આથી **નામંજૂર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલની અરજીનું રેકર્ડ આ તબ્બકે પ્રોડકશન પેપર્સ સાથે સામેલ રાખવું. તેમજ આખરી અહેવાલ રજૂ થયેથી અરજી તેમજ અન્ય પેપર્સ આખરી અહેવાલ સાથે સામેલ રાખવા.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:09-06-26
સ્થળ: પલસાણા

**(જે.જે. આહુજા)**
ઈ.ચા.એડી.જયુડિ. મેજિ. ફ.ક., પલસાણા.
જજ કોડ:જીજે ૦૧૪૩૬